**Maarifa**
**Vol 3 Issue 1/2 ISSN – 2456-9054**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર અને સમાજ સુધારણા

**શ્રીપટેલિયા રાકેશકુમાર જી.**
**એમ.કોમ., એમ.એડ્., નેટ(એજ્યુકેશન), જીસેટ(એજ્યુકેશન)**
**આસીસ્ટન્ટ પ્રોફેસર, શ્રી આઈ.જે.પટેલ બી.એડ્. કોલેજ, મોગરી, આણંદ**

**સારાંશ:-** આધુનિક સમયમા પણ સમાજમા આપણને ભિન્નતા જોવા મળે છે તેમા પણ નીચી જાતિના લોકોને ઘણુ સહન કરવુ પડતુ હોય છે. જેના ઉદાહરણ સ્વરૂપે ઉનામા થયેલો દલિત કાંડ લઈ શકાય. એટલે શિક્ષણ મેળવવુ એટલુ જ પુરતુ નથી પણ તેની સાથે સાથે સમાજમા સુધારણા થાય અને વ્યક્તિના મનમા દરેક વ્યક્તિ માટે સમાનતાની ભાવના કેળવાય તે ખુબ જ જરૂરી છે. અને તેથી સમાજમા સુધારા લાવવાની ખુબ જ જરૂરિયાત ઉભી થઈ છે જેના ભાગ રૂપે ડૉ.બાબાસાહેબ આંબેડકરે ઘણા પ્રયત્નો કર્યા હતા અને સંવિધાનમા પણ તેમણે નીચી જાતીના લોકો માટે અનામતની ફાળવણી કરી આપી. છતા પણ સમાજના કેટલાક વર્ગોને તે સારૂ લાગતુ નથી. માટે સમાજમા સમાનતા જળવાઈ રહે અને નવા સુધારા થાય તે ખુબ જ જરૂરી છે. જાતી ભેદભાવની ઘણી ઘટનાઓ તેમના જીવનમા બની હતી. જેમા મિત્રો સાથેની મુસાફરી વખતે દોલતાબાદમા કુવાના પાણીનો ઉપયોગ કરતા ત્યાના મુસલમાનોએ તેમને ખરી-ખોટી સંભળાવી હતી. બાબા સાહેબને પણ આર્થીક સ્થિતી સારી હોવા છતા આભડછેડનો સામનો કરવો કર્યો હતો. જેથી તેમણે સમાજમા બધા ધર્મો, વર્ગો વચ્ચે સમરસતા આવે તેવા પ્રયત્નો કર્યા. સમાજમા સુધારા થાય તેમજ નીચી જાતીના લોકોને બધી બાબતે ન્યાય મળી રહે તેવી રીતે બંધારણની રચના કરી. દરેક લોકો ને ધ્યાનમા રખીને તેમણે અનામત આપી સમાજમા સુધારો અને સમરસતા લાવવાના પ્રયત્નો કર્યા છે. જેની માટે હવે આપણે પણ જાગૃત બની સમાજમા સુધારા કરવામા યોગદાન આપવુ જ રહ્યુ.

**પ્રસ્તાવના:-**

આધુનિક સમયમા પણ સમાજમા આપણને ભિન્નતા જોવા મળે છે તેમા પણ નીચી જાતિના લોકોને ઘણુ સહન કરવુ પડતુ હોય છે. જેના ઉદાહરણ સ્વરૂપે ઉનામા થયેલો દલિત કાંડ લઈ શકાય. એટલે શિક્ષણ મેળવવુ એટલુ જ પુરતુ નથી પણ તેની સાથે સાથે સમાજમા સુધારણા થાય અને વ્યક્તિના મનમા દરેક વ્યક્તિ માટે સમાનતાની ભાવના કેળવાય તે ખુબ જ જરૂરી છે. અને તેથી સમાજમા સુધારા લાવવાની ખુબ જ જરૂરિયાત ઉભી થઈ છે જેના ભાગ રૂપે ડૉ.બાબાસાહેબ આંબેડકરે ઘણા પ્રયત્નો કર્યા હતા અને સંવિધાનમા પણ તેમણે નીચી જાતીના લોકો માટે અનામતની ફાળવણી કરી આપી. છતા પણ સમાજના કેટલાક વર્ગોને તે સારૂ લાગતુ નથી. માટે સમાજમા સમાનતા જળવાઈ રહે અને નવા સુધારા થાય તે ખુબ જ જરૂરી છે.

ઉપરોક્ત શીર્ષકના અનુસંધાનમા ડો.બાબાસાહેબ આંબેડકરના જીવનમા તેમને જે એક કડવો અનૂભવ થયો હતો તે પ્રસ્તુત પેપરમા રજુ કરુ છૂ. જ્યારે તેઓ ૧૯૧૬મા ભારત પાછા આવ્યા ત્યારે વડોદરાના મહારાજાએ તેમને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા મોકલ્યા હતા. ત્યા તેમને ન્યુયોર્કની કોલબિયા યુનિવર્સીટીમા ભણ્યા. ૧૯૧૭મા લંડન પહોચ્યા અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ મા પ્રવેશ મેળવ્યો. ૧૯૧૮મા ભણતર અધુરુ મુકી વડોદરાના મહારાજાએ શિક્ષણ ખર્ચ આપ્યો હોવાથી તેમની નોકરી કરવા ભારત પાછા આવ્યા. ભારતમા બરોડા પહોચ્યા પછી પ્રશ્ન ઊભો થયો રહેવાનો, ક્યા જઉં? મને કોણ સંઘરશે? વગેરે. વીશી તરીકે બરોડામા એક હિંદુ હોટલ હતી પણ ત્યા જાત છુપાવવી પડે તેમ હતી. તેથી તેઓ ત્યા ન ગયા. ત્યા સ્ટેશને એક ઘોડાગાડી વાળાએ તેમને પારસીની સરાઈની ભલામણ કરી અને પછિ સામાન મુકીને તે સરાઈ તરફ ઘોડાગાડી લઈને ત્યા જવા રવાના થયા. આમય પારસીઓ જરથોસ્ટિ ધર્મ પાળતા હોય તેઓ ખુશ

થયા હતા કારણ કે તેમા આભળછેટ હોતા નથી જેથી ત્યા અછુત જેવુ વર્તન થવાની બીક નીકળી ગઈ. અને ત્યા પહોચી તેઓ એક સરાઈને ત્યા ગયા  જેમનુ  મકાન બે માળ નુ  હતુ.નીચે ઘરડુ પારસી પરિવાર રહેતુ હતુ અને  ઉપરનો માળ  ખાલી હતો. જ્યા જવાનો રસ્તો પારસી માલિકે બતાવ્યો અને  ઉપર ગયા અને પારસી મકાન માલીક ને રૂમનુ ભાડુ આપીને વિદાય આપી. આરામ કરવા શર્ટ ઉતાર્યુ એટલામા એ પારસી ચોપડો લઈને ઉપર આવ્યો. તેમને અડધા પડધા કપડા પહેરીલી હાલાતમા જોયા અને  પારસીએ એ પણ જોયુ કે તેમના શરીર પર પારસીઓના ગણાતા નિશાન સદરો અને કસ્તી(જનોઈ) ન હતા. તે  પારસી તરત જ તિખાશથી પુછયુ: કોણ છો તમે? બાબાસાહેબે કહ્યુ: હિંદુ છુ. એટલે પારસી ને આંચકો લાગ્યો. પારસિએ કહ્યુ તમે અહી નહી રહી શકો. એ સાંભળી બાબાસાહેબને ઝાટકો લાગ્યો અને તે ટાઢા પડી ગયા અને પ્રશ્ન થયો હવે ક્યા જવું? તેથી તેમણે પારસીને કીધુ હું હિંદુ છુ પણ તમને કોઈ વાંધો ન હોય તો મને અહિ રહેવામા કોઈ વાંધો નથી. તેથી પારસીએ કીધુ મારે અહિયા રજિસ્ટર બનાવવુ પડે છે. તેથી બાબાસાહેબ કહ્યુ કે કો પારસી નામ  લખી દેજો. મને કોઈ વાંધો નથી તો તમે શુ કામ વાંધો કરો છો? મારા અહિ રહેવાથી તમને ફાયદો જ થવાનો છે. તેથી તે પારસી માની ગયો અને જમવાના રોજના દોઢ રૂપિયા નક્કી કર્યા. તેથી તે રાજી થઈ ગયા. પણ તે ક્ષણિક રાજીપો હતો. ત્યાથી તે મહારાજાએ તેમને જ્યા એકાઉન્ટ જનરલની ઓફિસમા અજમાયશી ધોરણે મુક્યા હતા ત્યા તેમણે થોડો સમય વિતાવ્યો. સરોઈમા સાંજે નોકરી પરથી પાછા ફરતા ને એકલવાયા વાચનમા મગ્ન થતા કે  ત્યા પણ ઉડતા શોર  કરતા ચામાચિડીયા તેમની એકાગ્રતા ભંગ કરતા. એમની હાલત એટલી દયા જનક હતી કે તેમનો ભાણેજ આવ્યો ત્યારે તે પણ તેમની પરિસ્થિતિ જોઈને રડી પડ્યો હતો જેથી તેને તરત જ પાછો બોમ્બે મોકલી દિધો હતો. તેમણે  સરકારમા બંગલા માટે અરજી આપી હતી પરંતુ  તેનો કોઈ

જવાબ મળે તે પહેલા જ તેમનો કયામતનો દિવસ આવી ગયો. કેટલાક પારસીઓ તે દિવસ લાકડીઓ લઈને તેમની ઘરની સિડી પર ચડી રહ્યા હતા. દરવાજા પર આવીને ડ્ઝનેક પારસીમાથી એકે મને પુછ્યુ કોણ છે તુ? કેમ આવ્યો છુ? પારસી નામ રાખવાની તારી હિમ્મત કેવી રીતે થઈ? બદમાશ! તે પારસી સરાઈને અપવિત્ર કરી મૂકી છે. તે ચુપચાપ જ ઊભા હતા અને કોઈ જવાબ ન આપ્યો. બધા જ પારસી બહુજ ગુસ્સામા હતા જેથી તેમણે જાળવી રાખેલ નરમાશ અને શાંતીએ જ તેમને બચાવ્યા હતા. ટોળામાંથી એક જણે પુછ્યુ કે રૂમ ક્યારે ખાલી કરીશ? એટલે તેમણે મૌન તોડ્યુ અને કહ્યુ કે સરકારી બંગલા માટે અરજી આપી છે મંજુર થઈ જશે એમ કહી ને વધુ એક અઠઅવાડિયા માટે વિનતી કરી. પરતુ તેઓએ તેમની વિનતી ન સ્વીકરાતા સાંજ સુધી રૂમ ખાલી કરવા જણાવ્યુ નહિતર ગંભીર પરિણામની તૈયારી રાખજે ધમકી આપીને તેઓ જતા રહ્યા. એમને આશા હતી કે તેમને રાજ્ય તરફથી બંગલો મળશે એટલે તેમણે મિત્રોને ત્યા જવાનુ વિચાર્યું. જેમા તેમના બરોડા બે જાણીતા મિત્રો હતા. તેઓ પહેલા હિંદુ મિત્રોને ત્યા ગયા અને પોતાની આપવીતી જણાવી. તેમણે વાત સાંભળી તેમના મિત્રને ગુસ્સો આવ્યો પરતુ પછી ઉદાસ થયા પણ તેમણે હળવેકથી કહ્યુ "તમે મારા ઘરે આવશો તો મારા નોકરો જતા રહેશે". તેથી તેમનો ઈશારો તે સમજી ગયા અને ત્યાથી તેઓ ચાલી ગયા. તે બીજા ખ્રિસ્તી મિત્રને ત્યા જાય પરતુ અગાઉ તેમણે તેને તેમની સાથે રહેવાની ના પાડી હતી. તેથી તેમને ત્યા જવાની મતલબ હતી. પરતુ આશરો મળવાની તક જતી ન થાય તે માટે તેઓ તેનો ઠપકો સાંભળવા મળે તો પણ તે ખ્રિસ્તી મિત્ર ને ત્યા પહોચ્યા અને પુછી જોયુ, તેના જવાબમા પેલા ખ્રિસ્તી મિત્ર એ કીધુ કે કાલે મારી પત્ની આવી રહી છે તેને પુછીને પછી હુ જણાવીશ. આવી વાત સાંભળીને તેમને પાછો પ્રશ્ન સતાવા લાગ્યો - હવે ક્યા જવું? આમય પારસી સરાઈ ખાલી કરવાની હતી અને એવો કોઈ મિત્ર ન

હતો જેને ત્યા તે જઈ શકાય. એક જ રસ્તો હતો મુબઈ પાછા જવુ. ટ્રેન રાતે ૯ વાગ્યે હતી. વચ્ચે ૫ કલાકનો સમય બાકી હતો. તેમની સરાઈમા જવાની હિમ્મત ન થઈ અને મિત્રોને ત્યા જવુ ન હતુ. આમ તેમની સ્થિતિ દયનિય બની હતી. પરતુ તેમને રહેમની ભીખ જોઈતી ન હતી તેથી તેઓ કમાટી બાગમા ગયા. પરતુ તેમનુ મન ગુમ હતુ. તરછોડાયેલુ છોરુ જેમ માવતરને સંભાળે તેમ તેમની સાથે થયેલા વ્યવહાર બદલ અત્યંત દુ:ખી થઈને તેઓ તેમના માતા પિતાને યાદ કરતા હતા. રાત્રે ૮ વાગે તેઓ સરાઈમા સામાન લેવા ગયા અને પારસી માલીક ને ભાડૂ ચુકવીને પાછા સ્ટેશને પહોચ્યા અને પછી મુબઈ જતા રહ્યા. ૧૮ વર્ષના સમયગાળા દરમિયાન ક્યારેય તેમને ધુધળુ પડ્યુ ન હતુ. જ્યારે તે દ્રશ્ય તેઓ યાદ કરતા ત્યારે તેઓ તેમની આંખોમાંથી આંસુ આવી જતા હતા. એ વખતે તેમણે પહેલી વાર જાણ્યુ કે જે હિંદુઓમા માટે અછુત છે એ પારસીઓ માટે પણ અછુત જ છે. આવી જ બીજી ઘણી ઘટનાઓ તેમના જીવનમા બની હતી. જેમા મિત્રો સાથેની મુસાફરી વખતે દોલતાબાદમા કુવાના પાણીનો ઉપયોગ કરતા ત્યાના મુસલમાનોએ તેમને ખરી-ખોટી સંભળાવી હતી.

ઉપરોક્ત ઘટના દર્શાવે છે કે બાબા સાહેબને પણ આર્થીક સ્થિતી સારી હોવા છતા આભડછેડનો સામનો કરવો કર્યો હતો. જેથી તેમણે સમાજમા બધા ધર્મો, વર્ગો વચ્ચે સમરસતા આવે તેવા પ્રયત્નો કર્યા. સમાજમા સુધારા થાય તેમજ નીચી જાતીના લોકોને બધી બાબતે ન્યાય મળી રહે તેવી રીતે બંધારણની રચના કરી. દરેક લોકો ને ધ્યાનમા રખીને તેમણે અનામત આપી સમાજમા સુધારો અને સમરસતા લાવવાના પ્રયત્નો કર્યા છે. આમ, આપણા પ્રવર્તમાન સમાજમા જાતી વચ્ચે રહેલા ભેદભાવ દુર થાય અને સમાજમા સુધારો થાય તે સમગ્ર ભારતના વિકાસ તેમજ વૃધ્ધી માટે ખુબ જ આવશ્યક છે.